
# ગાંધીનગર ; એક નગર - બે નજર

## ભાગ્યેશ જહા

ગાંધીનગર નવાજુનીનું શહેર છે, જેઠ મહિનામાં ના આવે એવા વાદળ બદલીના ઓર્ડર જેમ આવ્યા હતા. અચાનક ગાંધીનગરના સુક્કાભઠ્ઠ સરકારી આકાશમાં વાદળોથી થયેલા ફેરફારની વચ્ચે એક 'ગુલાબી હવાઈ'યાન દેખાયું. જે નગરમાં વસંતને 'રુટિનાઈટીસ' નામનો રોગ થાય અને કવિતા માટે જીઆર કાઢે એવા લોકો આવતાજતા રહેતા હોય ત્યાં આવા ગુલાબીયાનનું લેન્ડીંગ બહુ મોટી ઘટના બની ગઈ. 'નારાયણ.., નારાયણ.. ' એવું સાંભળતાં જ ખ્યાલ આવી ગયો કે આ મહારાજ સ્વર્ગમાંથી કો'ક 'સ્ટોરી' શોધવા આવ્યા લાગે છે, સાથે કપચીસેન ચકર્કશ-પર્વત-ચિત્તસેન) નામના દેવતા હતા.( સ્વર્ગમાં એવી અફવા છે કે એમના પૃથ્વી પરના અવતારમાં એ સરકારમાં ઉચ્ચ હોદ્દા પર હતા એટલે ટીખળી દેવતાઓ એમને 'કપચી' કહીને બોલાવતા ). આ દેવતાને છેલ્લા કેટલાયે દિવસથી પૃથ્વી પરના મહાનગર ગાંધીનગર વિશે પ્રશ્નો થયા કરતા હતા એટલે નારદ એમને દોરી લાવ્યા. ગુગલ મેપની જેમ લોકલ ગાઈડ શોધતા હતા ત્યાં એમને એક ઝાડ નીચે રા.રા.શ્રી છગનલાલ અને કવિશ્રી મળી ગયા. નારદે ઓળખ કરાવી. કપચીસેને એમની સ્વર્ગસ્થ આંખો પર ગોઠવેલા લીલા ચશ્મા કાઢી નાંખ્યા જેથી અહીંની અસ્સલ લીલોતરી જોઈ શકે.

છગનલાલ પાસે એક અજાયબ શક્તિ છે, એમને ખબર પડી જાય કે તમારે શું જોઈએ છે, અને જો તમને ખબર ના પડે કે એમને શું જોઈએ છે તો એ તમને ના સમજાય ત્યાં સુધી કાગળોને એના 'પરદાદા' વૃક્ષોની યાદ કરાવે એટલે કે કાગળોને ચાલવા ના દે. એમને ખબર છે, કાગળોમાં વૃક્ષોનું લોહી વહે છે, અને વૃક્ષો સ્થાવર હોય છે. એટલે કાગળો આનુવાંશિક કારણોસર ઝડપથી ટેબલફેર કરતા નથી, કેટલાક અજ્ઞાનીઓ આવી કાગળ-ટેબલની દોસ્તીને 'રેડ-ટેપ' એટલે કે લોહીનો અર્થાત ડીએનએ-દોસ્તી કહે છે. કદાચ આ કારણોસર કેટલાક તેજોદ્વેષી લોકો હવે ડિઝીટલાઈઝેશન કરીને 'કાગળો'ને સગેવગે કરવા માંગે છે. કપચીસેન અને નારદને ઓળખી જતાં જ કવિશ્રી આગળ આવીને 'સરકારી' રીતે સ્વાગત કર્યું, એટલે કે આખી ઘટનાને સરકારી બનાવવા કવિએ એમનો કુદરતી ઉમળકો દબાવીને કૃત્રિમ રીતે સ્વાગત કર્યું, આમ આકાશી આગંતુકોને ગાંધીનગરનો પરિચય આપવાનું શરું કર્યું.



નારદે પુછ્યું, 'હે મહાનુભાવો, તમે દેખાવે સજ્જન લાગો છો, એ અમારા માટે શુભશુકન જેવું છે..' કવિએ છગનલાલ સામે કવિસહજ ઈર્ષ્યાભાવથી જોયું, એમને સમજાતું નહોતું કે આ 'છગનલાલ' ક્યા એંગલથી સજ્જન લાગતા હશે. નારદના આઈક્યુ વિશે ક્વેરી કાઢવા વિચારતા હતા. કારણ છગનલાલનું અવ્યવસ્થિત ચેક્સ(ચોકડી)વાળા શર્ટમાં ભારે કન્ફ્યુઝન જાળવી રાખેલું, એમની આંખોમાં ખટપટિયા શિયાળ પાસેથી ઉધાર લીધી હોય એવી લુચ્ચી ચપળતા. આખી જિંદગી ખુબ જ જાડી ફાઈલો હેન્ડલ કરી છે એ બતાવવા વધારેલું પેટ, કોઈપણ ફાઈલ જેવી ખોડંગાતી ચાલ અને પોતાની પાસે 'ઑડી' ગાડી છે એ માટે ચાવી ઘુમાવતા હાથનું (હાથચાલાકીને સંતાડતું) અકુદરતી હલનચલન... નારદ પામી ગયા પણ કપચીસેન અભિભુત બની ગયા. કપચીસેનને આગળના ભવનું સ્મરણ થઈ આવ્યું, એણે એન્ટિસેપ્ટીક બગાસું (સૌજન્ય; વિનોદ ભટ્ટ) ખાધું, છગનલાલને આ ઘટનાથી ઘરોબો લાગતાં, એમણે પણ જાણે છટકું ગોઠવીને ખાતા હોય એમ બગાસું ખાધું. ચેપી બગાસાની લહેરના સમાચાર વ્યાપી જતાં સૌને કપચીસેન પોતાના લાગવા માંડ્યા. કવિશ્રી અને નારદમુનિ એકલા પડી ગયા હોય એવું લાગ્યું, પણ પ્રામાણિક કે સીધા માણસોને આવું થતું હોય એવી સમસંવેદનની ભાવના થતાં બન્નેએ માસ્ક ઉતારી એક 'અહિંસક સ્મિત'ની આપલે કરી. ગાંધીજીને અહિંસાની ભાવનાનો આવી જાળવણી જોઈ આનંદ થયો. કપચીસેને ઑડિટર પુછે એવો પ્રશ્ન કર્યો: "એવી ક્યી મુળભુત સામ્યતા છે જે રસ્તા અને ઑફિસોને અને નાગરિકોની વાણીને જોડે છે ?" સમયસર પ્રમોશન નહીં પામેલા અધિકારીઓ જેમ 'વિકેટ-કીપર'ની સ્ફુર્તિથી રમતા હોય છે એમ છગનલાલે તત્ક્ષણ જવાબ આપ્યો, 'હે સ્વર્ગલોકના અતિથિ, મુળમાં મુળાક્ષરો છે, જે રસ્તા અને કચેરી અને વાણીને જોડે છે.." નારદ અને કવિ આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ જે રીતે છગનલાલે જવાબ આપ્યો તે પરથી લાગે છે છગનલાલ આજ મેચ જીતવાના મુડમાં છે. નારદ, કવિશ્રી અને કપચીસેને એક સાથે જીભ કાઢી પ્રશ્ન પુછ્યો; 'અર્થાત..." જેમ મુળાક્ષરો વાણીનો પ્રારંભ છે, ક, ખ, ગ,ઘ, ચ, છ એમ અહીં કચેરીએ કચેરીએ શાખાઓ છે... કપચી ભુતકાળમાં બૌધ્ધિક તરીકે જાણીતા હતા, એટલે શાખા શબ્દ સાંભળતાં જ એમની જુની 'લાલરંગી' મુછો ફરકી, 'હેં શું કહ્યું ! તમે દરેક કચેરીમાં શાખા ? અરે.. ભગવાન, આ હદે ભગવાકરણ.. ' એ અચાનક જ કોમામાં સરી પડે એમ લાગ્યું એટલે નારદે એને કૉફી આપી, અને સમજાવ્યું, 'એવું નથી, જેવું તમે માનો છો.. ' નારદે 'ગાંધીનગરને સમજવાનો મંત્ર ઉચ્ચાર્યો. એ ડહાપણ લગભગ કહેવતનો દરજ્જો પામી ચુક્યું છે, જો તમે કોઈ સત્તાધિકારીને આટલું કહી શકો, એના ઉદાહરણ આપી શકો, એને સમજાવી શકો.. નારદના ઈશારા પર છગનલાલે પોતાની કથનશૈલીથી ( ખોટું સમજાવવાની પણ શૈલી હોય છે ), કહ્યું, જેમ દરેક કચેરીમાં ક-શાખા, ખ-શાખા, ગ-શાખા એમ મુળાક્ષરો પ્રમાણે શાખાઓ હોય છે એમ દરેક સેક્ટરોને કાળા નાગ જેવા ક-રોડ, ખ-રોડ, ગ-રોડ જેવા રસ્તાઓ વીંટળાયેલા હોય છે. નારદે પ્રશ્ન કર્યો, 'આવા નામાભિકરણથી કચેરીની કે કામ કરનારાઓની ઓળખ નીખરે છે ખરી ? ' છગનલાલ આ અંગે પોતાની જિંદગીભરની રીસર્ચ સંભળાવવા લાગ્યા, "ક એટલે કચકચિયા, ખ એટલે ખટપટિયા, ગ એટલે ગરબડિયા, ઘ એટલે ઘરેલું મેન્ટાલિટીવાળા, ચ એટલે ચમચા, છ એટલે છબછબિયા કરવાવાળા... ' કવિએ અટકાવ્યા, 'મહોદયો, હું એક બીજી નજરથી જોવાનું પણ કહીશ, ક એટકે કર્મવીર, ખ એટલે ખંતીલા, ગ એટલે ગમ્મત સાથે જ્ઞાની, ઘ એટલે ઘર્ષણહીન કાર્યકર્તા, ચ એટલે ચતુર વગેરે... " કવિ અને છગનલાલના આ વર્ણનો અને અનુભવકથનથી તો કપચીસેન અને નારદ ધન્ય ધન્ય થઈ ગયા. એમને લાગ્યું કે આ પૃથ્વીનો પરિચય પામવા આપણે યોગ્ય જગાએ આવ્યા છીએ. હવે, એ લોકો સરકારી 'ચા' પીધા પછી શું કરે છે એ જોવાનું રહેશે.











